# પોલીસ અધિક્ષકની કચેરી, ડાંગ-આહવા

## સારી કામગીરી સેકશન

## NDPSના ગુના શોધી કાઢેલ

(૧) અત્રેના ડાંગ જીલ્લા એસ.ઓ.જી.ને સુબીર તાલુકાના ઉગા(લવચાલી)ગામમાં (૧) હરેશભાઇ દેવરામભાઇ પવાર તથા તેના પિતા (ર) દેવરામભાઇ જાનુભાઇ પવાર નાઓ પોતાના કબજા ભોગવટાના વાડામાં ગાંજાના છોડોનું વાવેતર કર્યુ હોવાની બાતમી મળતા પોલીસ અધિક્ષક, શ્વેતા શ્રીમાલી સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન મુજબ તા.૦૬-૦૯-૨૦૧૯ ના રોજ નાયબ પોલીસ અધિક્ષક, શ્રી જે.આઇ.વસાવા તથા પી.એસ.આઇ. શ્રી પી.એચ.મકવાણા તથા પી.એસ.આઇ. શ્રી ડી.ડી.વસાવા નાઓએ ટીમ સાથે રેઇડ કરી ગાંજાના છોડ નંગ-૩૨૮ તથા મોબાઇલ નંગ-ર કુલ કિ.રૂ.૧,૧૮,૪૪૦/- ના મુદામાલ સાથે ઉપરોકત બન્ને આરોપીઓને પકડી પાડી સુબીર પો.સ્ટે. સે.ગુ.ર.ન.૧૫/૨૦૧૯ એન.ડી.પી.એસ.એકટ ક.૮(બી),૨૦(એ),૨૯ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી આરોપીઓને અટક કરી જેલ હવાલે કરવામાં આવેલ છે.

(ર) ડાંગ એસ.ઓ.જી.ને સુબીર તાલુકાના દહેર ગામમાં રહેતા રાજુભાઇ કાસુભાઇ પવાર નાએ પોતાના કબજા ભોગવટાના વાડામાં ગાંજાના છોડનું વાવેતર કર્યુ હોવાની બાતમી મળતા પોલીસ અધિક્ષક, શ્વેતા શ્રીમાલી સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન મુજબ તા.૦૬-૦૯-૨૦૧૯ ના રોજ નાયબ પોલીસ અધિક્ષક, શ્રી પી.જી.પટેલ તથા પી.એસ.આઇ. શ્રી એમ.ટી.ચુડાસમા તથા પી.એસ.આઇ. શ્રીમતી કે.આર.ગામીત નાઓએ ટીમ સાથે રેઇડ કરી ગાંજાના છોડ નંગ-૧૧૫ કુલ કિ.રૂ.૬૨,૫૮૦/- ના મુદામાલ સાથે ઉપરોકત આરોપીને પકડી પાડી સુબીર પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૧૬/૨૦૧૯ એન.ડી.પી.એસ. એકટ કલમ-૮(બી), ૨૦(એ) મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી આરોપીઓને અટક કરી જેલ હવાલે કરવામાં આવેલ છે.




